# પોશ વિસ્તારો જ નહીં પણ ગલી-નાકા પણ ચોખ્ખા દેખાવા જોઈએ

**સ્વચ્છતાં ત્યારે જ ગણી શકાય કે જ્યારે શહેરના પોશ વિસ્તારો નહીં પરંતુ તમામ મહોલ્લા, શેરી, ગલી કે નાકા પણ ચોખ્ખા દેખાવવા જોઈએ. સ્વચ્છતાની વાતો કરવી અને સ્વચ્છતાનો અનુભવ કરવો, બંને અલગ વાતો છે. સુરતમાં મુખ્ય માર્ગો પર સફાઈ દેખાતી હશે પરંતુ અંદરના વિસ્તારોમાં જે પારાવાર ગંદકી જોવા મળી રહી છે તેને 'ગુજરાતમિત્ર'ના વાચકો ઉજાગર કરી રહ્યા છે. ઉદ્દેશ એ જ છે કે માત્ર ગંદકી નહીં પરંતુ જે વિસ્તારો સાફ થઈ રહ્યા છે તે પણ રજૂ કરવામાં આવી રહ્યા છે. જોકે, સાફ થયેલા વિસ્તારો કાયમ સાફ રહે તે જરૂરી છે.**

માત્ર કાગળ પર નહીં ખરેખર #No 1 સુરત

**ચાલો સુરતને સાથે મળીને ખરેખર સ્વચ્છ બનાવીએ**

**સુરતને સ્વચ્છતા માત્ર કાગળ પર નહીં પરંતુ ખરેખર જળવાવવી જોઇએ તે ખૂબ જ જરૂરી છે. તમારા વિસ્તારમાં ગંદકી કે અસ્વચ્છતા જોવા મળે તો અહીં આપેલા નંબર ઉપર વોટ્સએપ કરી નામ અને વિસ્તાર મોકલવો. જેથી અમે સત્તાધીશોનો પ્રત્યુત્તર મેળવી શકીએ.**

**8153999903**



ફરિયાદી જીગર બડબુજર ભટાર, અર્જુન કોમ્પ્લેક્સ



ફરિયાદી હાજી પટેલ લિંબાયત, ગોવિંદ કોમ્પ્લેક્ષ



ફરિયાદી સુનીલ કદવે એ.પી.એમ.સી. કૃષિ બજાર



ફરિયાદી હુસૈન અનિશ રૂસ્તમપુરા મેઈન રોડ



તારીખ : 27 જુલાઈ, સફાઈ પહેલા



તારીખ : 1 ઓગસ્ટ, સફાઈ થયા પછી

ફરિયાદી આશીષ ટેલર આઈમાતા ચોક, પરવટ પાટિયા

# મુંઝાયેલા અલ્પેશે ત્રણ મહિનાની વ્યથા ડાયરીમાં લખી હતી

**સ્યુસાઈડ** નોટમાં અલ્પેશે સી.આર.પાટીલ અને હર્ષ સંઘવીને સંબોધીને પત્ની અને તેના પ્રેમીને સજા થાય તેવું પણ લખ્યું હતું

સુરતઃ છેલ્લા ત્રણ મહિનાથી અલ્પેશ કેવી રીતે એક એક દિવસ પસાર કરી રહ્યા હતા તેની ભાવનાઓ ડાયરીમાં લખી હતી. સ્યૂસાઈડ નોટમાં તેમણે લખ્યું છે કે છેલ્લા ત્રણ મહિનાથી તેઓ કેવી રીતે એક એક દિવસ પસાર કરી રહ્યા હતા, તે પોતાની માતા, ભાઈઓ અને બહેનોને આ નોટ દ્વારા જણાવવા માંગે છે. અલ્પેશે આ સ્યૂસાઈડ નોટ પોતાના બાળકોના પુસ્તકના પાના ફાડીને લખી હતી.

આ પાનાંઓમાં માત્ર શાહીના અક્ષરો નહોતા, પણ એક પિતાનું દુઃખ, તેની બેચેની અને તેના મનની અંદર ચાલતી લડાઈનું પ્રતિબિંબ હતું. નોટમાં તેમણે દરરોજ થતા ઝઘડાઓ, પત્નીના ચેટિંગ્સ અને સંબંધો વિશેની જાણ થતાં થયેલા વાદ-વિવાદો વિશે લખ્યું છે. જો કે, પત્નીએ દરેક વખતે કહ્યું હતું કે બધું સામાન્ય થઈ જશે અને હવે કોઈ સંબંધ નથી. અલ્પેશે પોતાની સ્યુસાઈડ નોટમાં કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને સંબોધીને તેના મૃત્યુ બાદ પત્નિી અને તેના પ્રેમીને સજા થાય તેવું પણ લખ્યું હતું.

## અલ્પેશભાઈનું મોત ફાંસો ખાવાથી થયું, બંને પુત્રના શરીરમાંથી ઝેરના અંશ મળી આવ્યા

પોસ્ટમોર્ટમ કરનાર તબીબોએ જણાવ્યું કે, અલ્પેશભાઈ સોલંકીના બે પુત્ર, 8 વર્ષના ક્રીશીવ અને 2 વર્ષના કર્નિશના શરીરમાંથી ઝેરી દવાના અંશો મળી આવ્યા છે, જે ઝેર આપવાની શંકાને બળ આપે છે. તબીબે બંને બાળકોના શરીરમાંથી અલગ-અલગ સેમ્પલ લીધા છે, જેનો રિપોર્ટ આવ્યા બાદ મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે. અલ્પેશભાઈનું મોત ફાંસો ખાવાથી થયું હોવાનો પોસ્ટમોર્ટમમાં નિષ્કર્ષ આવ્યો છે. પોલીસે આ સેમ્પલ ફોરેન્સિક તપાસ માટે મોકલી આપ્યા છે, જેના પરિણામોની રાહ જોવાઈ રહી છે. આ ઘટનામાં ઝેરનો પ્રકાર અને તે કેવી રીતે આપવામાં આવ્યું તે જાણવું મહત્વનું છે, જે આપઘાતના રહસ્યને ઉકેલવામાં મદદરૂપ થશે.

## આડા સંબંધોની ચર્ચામાં અલ્પેશથી રડાઇ જવાતું, તો પત્ની કહેતી 'શું બાયલાની જેમ રડે છે?'

સ્યૂસાઈડ નોટમાં અલ્પેશે એક એવી વાત લખી છે, જેના કારણે તે કઈ મનોસ્થિતિમાં હતા એ અંગે ખબર પડી જાય છે. સ્યૂસાઈડ નોટમાં તેમણે લખ્યું છે કે જ્યારે પત્નીના પ્રેમસબંધ અંગે બંને વચ્ચે ચર્ચા ચાલી રહી હતી ત્યારે તેમણે પત્નીને કહ્યું કે આ બધું ભૂલીને આપણે પહેલાંની જેમ સાથે રહીએ. પછી તે સ્યૂસાઈડ નોટમાં લખે છે કે જ્યારે પણ આ અંગે તે ચર્ચા કરતા હતા ત્યારે તે રડી પડતા હતા. તેમને રડતાં જોઈને પત્ની તેમને કહેતી હતી કે "શું બાયલાની જેમ રડે છે." આ વાત તેમને ખૂબ જ ખોટી લાગી હતી. પત્નીએ તેમને કહ્યું હતું કે આવી રીતે સંબંધો થતા હોય છે, પરંતુ હાલ મારું કશું છે નહીં."

## અલ્પેશે એક ડાયરી ફાલ્ગુની માટે અને એક માતા-પિતા માટે લખી હતી, ડાયરીમાં મોત ડોકાતું હતું

અલ્પેશ અને ફાલ્ગુનીની પ્રેમ કહાની કોઈ ફિલ્મની સ્ક્રિપ્ટ જેવી હતી. તેમની પહેલી મુલાકાત, પ્રપોઝલ અને લગ્નની તારીખ આ બધું અલ્પેશે પોતાની બે ડાયરીમાં બારીકાઈથી લખ્યું હતું. એક ડાયરી ફાલ્ગુની માટે અને બીજી માતા-પિતા માટે. આ ડાયરીઓ માત્ર પ્રેમની કહાની નહોતી, પરંતુ જૂન મહિનાથી જ તેમાં આત્મહત્યાના કાળા પડછાયા દેખાવા લાગ્યા હતા.

## પત્ની ડાયરીઓ-સ્યુસાઈડ નોટ છુપાવી દેશે તેવા ભયથી સ્કૂલમાં છુપાવી હતી

અલ્પેશને ડર હતો કે જો તે આત્મહત્યા કરશે તો ફાલ્ગુની તેની ડાયરીઓ અને સ્યૂસાઈડ નોટ છુપાવી દેશે. તેથી તેણે આત્મહત્યાના દિવસે આ બંને ડાયરી અને સ્યૂસાઈડ નોટ એક બેગમાં મૂકીને પોતાની શાળામાં મૂકી દીધી હતી.

# અમરોલીની શિવમ હોસ્પિ.ના આયુર્વેદિક ડો. હિતેશ જોશી ગર્ભ પરીક્ષણ કરતા પકડાયા

**સુરત** જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા, મશીન-દસ્તાવેજો જપ્ત કરાયાં

સુરતઃ સુરત શહેરમાં ગર્ભ પરીક્ષણના નામે ચાલતા ગેરકાયદેસર ધંધાનો પર્દાફાશ થતા આરોગ્ય વિભાગમાં ખળભળાટ મચી ગયો છે. જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગે અમરોલી વિસ્તારમાં આવેલા શિવમ હોસ્પિટલ એન્ડ આઈ.સી.યુ. ખાતે દરોડો પાડી પોર્ટેબલ સોનોગ્રાફી મશીન સીલ કરી દીધું છે. દરોડા દરમિયાન આયુર્વેદિક ડોક્ટર હિતેશ જોશી ગર્ભ લિંગ નિર્ધારણ કરતા ઝડપાયા હતા.

જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડો. અનિલ પટેલના માર્ગદર્શન હેઠળ અને વિશેષ ટીમના સભ્યોની ઉપસ્થિતિમાં શુક્રવારે મોડી સાંજે યોજાયેલ આ રેડમાં તબીબ હિતેશ જોશી મહિલાઓના ગર્ભનું લિંગ જાણવા માટે હજારો રૂપિયા વસૂલીને ગેરકાયદે પરીક્ષણ ચલાવતા હોવાનું ખુલ્યું છે. તેઓ પાસે માત્ર B.A.M.S. (Bachelor of Ayurvedic Medicine and Surgery) ડિગ્રી હોવા છતાં સોનોગ્રાફી મશીન દ્વારા પ્રેનેટલ ડાયગ્નોસ્ટિક ટેકનિક (PNDT) હેઠળ આવે તેવાં પરીક્ષણો ચલાવતા હતા, જે દેશના કાયદા મુજબ દંડનીય અપરાધ છે. આ તબીબે લાંબા સમયથી શંકાસ્પદ રીતે દર્દીઓ સાથે ગર્ભ પરીક્ષણો શરૂ કર્યા હતા અને ગુપ્ત રીતે લિંગ નિર્ધારણ કરતાં હતા. આરોગ્ય વિભાગને મળેલી બાતમી બાદ પંક્તિબદ્ધ રેકી અને ગુપ્ત વ્યવસ્થાથી આ દરોડાનું આયોજન કરવામાં આવ્યું હતું. દરોડા સમયે મશીન અને અન્ય દસ્તાવેજોનો જપ્ત કરાયો છે.

# 'ચેક માત્ર કાગળનો ટુકડો નથી, વિશ્વાસનું પ્રતીક છે', કોર્ટે વેપારીને એક વર્ષની કેદની સજા કરી

**સ્પેર-પાર્ટ્સની** ખરીદી બાદ પેમેન્ટ તરીકે આપેલો ચેક રિટર્ન થતાં સુરતની કોર્ટની ગંભીર નોંધ

સુરતઃ ચેક માત્ર એક કાગળનો ટુકડો નથી, પરંતુ તે વિશ્વાસનું પ્રતીક છે. જે વ્યક્તિ આ વિશ્વાસ તોડે છે, તે કાયદાની સામે જવાબદાર છે. ચેક રિટર્ન કેસમાં વેપારીને એક વર્ષની સજા ફટકારવામાં આવી છે. કેસની વિગતો અનુસાર, આરોપી રાજેશ લીંબાચીયાએ સુરતના ફરિયાદી કરન અશોકકુમાર દેવરે પાસેથી રૂ. 13,81,780/-ની કિંમતની મશીનરી અને સ્પેર-પાર્ટ્સ ખરીદ્યા હતા. આ ચૂકવણી માટે આરોપીએ ચેક આપ્યો હતો, પરંતુ આ ચેક "અપર્યાપ્ત ભંડોળ"ના કારણે પરત ફર્યો હતો. ફરિયાદીએ વકીલ દિપાંશુ જી. ખુરાના દ્વારા આરોપી સામે કોર્ટમાં ફરિયાદ કરી હતી. સમગ્ર ટ્રાયલ દરમિયાન ફરિયાદી પક્ષે પૂરતા પુરાવાઓ રજૂ કર્યા હતા અને વકીલ દિપાંશુ જી. ખુરાનાએ દલીલો રજૂ કરી હતી. કોર્ટે દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ આરોપી રાજેશ લીંબાચીયાને દોષી ઠેરવ્યો અને એક વર્ષની સાદી કેદની સજા ઉપરાંત ચેકની રકમ ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

# લિંબાયતમાં જેઠાણી સાથે ઝઘડો થતાં દેરાણીએ એસિડ ગટગટાવી મોત વહાલું કર્યું

સુરતઃ લિંબાયતમાં જેઠાણી સાથે ઝગડો થયા બાદ દેરાણીએ એસિડ ગટગટાવી આત્મહત્યા કરી લીધી હતી. સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, લિંબાયત શિવાજી નગરમાં રાકેશ નાગપુરી, પત્ની જયા (24 વર્ષ) તેમજ એક પુત્રી સાથે રહે છે. રાકેશ કટલેરીની દુકાન ચલાવી પરીવારનું ગુજરાન ચલાવે છે. ગુરુવારે સવારે જયાએ ઘરમાં એસિડ પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. પરિવારજનો તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં રાત્રે જયાનું મોત નિપજ્યું હતું. જેઠાણી સાથે ઝગડો થયા બાદ જયાએ આ પગલું ભર્યું હોવાની તેના પરિવારે માહિતી આપી હતી. બનાવને પગલે લિંબાયત પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# ખરવરનગર ઓવરબ્રિજ પર રિક્ષામાં પસાર થતા જીએસટી આસિસ્ટન્ટ કમિશનરનો મોબાઇલ ઝૂંટવાયો

સુરત : રેલવે સ્ટેશનથી રીક્ષામાં ઘરે જઇ રહેલા આસિસ્ટન્ટ જીએસટી કમિશનરના હાથમાંથી બાઇક પર આવેલા સ્નેચરો રૂપિયા 60 હજારનો મોબાઇલ ફોન ખેચી ફરાર થઈ ગયા હતા. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ અડાજણ ગ્રીન સીટી રોડ પર આવેલી બ્રહ્માંડ રેસીડેન્સીમાં રહેતા કૃણાલ દિયાળભાઇ મોજીદ્રા સુરતમાં સહાયક વેરા કમિશનર તરીકે સુરતમાં ફરજ બજાવે છે. ગાંધીનગર ખાતે તેમની ટ્રેનિંગ હોવાથી તે ત્યાં ગયા હતા. ટ્રેનિંગ પૂરી થતા તા.25મીની રાત્રે 9.30 વાગ્યાના અરસામાં તેઓ ટ્રેન મારફત સુરત આવ્યા હતા. અને સુરત રેલવે સ્ટેશનથી રીક્ષામાં બેસીને પોતાના ઘરે જવા માટે નીકળ્યા હતા. તેમની રીક્ષા ઉધના ખરવરનગર બ્રિજ ઉતરતી હતી ત્યારે બાઇક પર સવાર થઇને બે શખ્સ આવ્યા હતા. અને તેમના હાથમાં રહેલો રૂપિયા 60 હજારની કિંમતનો મોબાઇલ ફોન ઝુંટવીને નાસી ગયા હતા. બનાવ અંગે કૃણાલ મોજીદ્રાએ સલાબતપુરા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી સ્નેચરોની શોધખોળ શરૂ કરી છે.

# બ્લેકલિસ્ટ વેપારીઓ સામે સુરતનાં બધાં કાપડ બજારોનું કડક વલણ

**બ્લેકલિસ્ટ** થયેલા બાયર્સ સાથે વેપાર કરવો પોતાનું નુકસાન કરાવવાના આમંત્રણસમાન છે

સુરતઃ સુરતના કાપડ વેપાર જગતમાં નફાખોરી અને બાકીદારો સામે કડક પગલાં લેતા હવે વેપાર વધુ જવાબદારીપૂર્વકની દિશામાં આગળ વધી રહ્યો છે. આડતિયા કપડાં એસોસિએશન સુરત (એકેએએસ) દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે, છેલ્લાં બે વર્ષમાં દેશભરના ૮૫થી વધુ બાકીદારને બ્લેકલિસ્ટ કરવામાં આવ્યા છે અને હવે સુરતનાં તમામ કાપડ બજારોએ સંમતિપૂર્વક નિર્ણય કર્યો છે કે આ બ્લેકલિસ્ટેડ વેપારીઓને કોઈપણ પ્રકારના કાપડના માલના ઓર્ડર આપવામાં નહીં આવે.

એસોસિએશનના પ્રમુખ કપિલ અગ્રવાલે જણાવ્યું કે, છેલ્લા કેટલાક સમયથી કેટલીક કંપનીઓ અને વેપારીઓ દ્વારા માલ લઈ ચૂકવણી ન કરવાના કેસો વધી રહ્યા હતા. આવા વેપારીઓને બ્લેકલિસ્ટ કરી દેવા અને માલ મોકલવાનો સંપૂર્ણ પ્રતિબંધ લગાવવાના પગલાથી સુરતના વેપારીઓએ તેમની રકમની સુરક્ષા કરવી શરૂ કરી છે. બ્લેકલિસ્ટ થઈ ગયેલા વેપારીઓ સામે પ્રતિબંધિત પગલાં લીધા પછી દેશનાં અન્ય શહેરોમાંથી પણ ચૂકવણીઓ પરત મળવાની પ્રક્રિયા શરૂ થઈ છે. હાલમાં પણ કેટલાક સુરતના વેપારીઓ બ્લેકલિસ્ટ થયેલા બાયરોને માલ મોકલતા હોવાનું ધ્યાનમાં આવ્યું છે. જેથી તમામ વેપારીઓને ચેતવણી આપવામાં આવી છે કે એવા બાયરો સાથે વેપાર કરવો પોતાનું નુકસાન કરાવવાનું આમંત્રણ સમાન છે. આડતિયા કપડા એસો.નું માનવું છે કે સુરતનાં કપડા બજારનો વેપાર વિશ્વાસ અને ભરોસે પર ચાલે છે અને તેની ખરેખર જાળવણી કરવા માટે હાલના તબક્કે આવી રીતે એકજૂટ પગલાં ભરવા જરૂરી બન્યાં છે.

# અશાંતધારામાં પોલીસ ખોટી રીતે નેગેટિવ અભિપ્રાય આપે છે, વકીલોની પો.કમિ.ને રજૂઆત

**સુરતના** કેટલાક વકીલો દ્વારા પો.કમિ. ને આવેદનપત્ર આપવામાં આવ્યું, અશાંતધારાના અમલ મુદ્દે અનેક સવાલો ઉઠાવ્યા




સુરતઃ સુરતના વકીલોએ આજે આ મામલે પો.કમિ.ને એક આવેદનપત્ર આપીને પોલીસ દ્વારા અશાંતધારામાં જે નેગેટિવ અભિપ્રાય આપવામાં આવે છે તેની સામે વાંધો ઉઠાવ્યો છે.

આવેદનપત્રમાં ઋષિકેશ ગોદીવાલા, દેવાંગ ઘાસવાલા, કેયુર મોદી, સામીર ગાડીવાલા, ફરહાન શેખ તેમજ જુનેદ શેખ સહિતના વકીલોએ જણાવાયું છે કે પોલીસ દ્વારા અશાંતધારા સંદર્ભે જે નકારાત્મક અભિપ્રાયો અપાઈ રહ્યા છે, તે વ્યાજબી નથી. શહેરમાં ધ્રુવીકરણની વ્યાખ્યાના સંદર્ભે કયા માપદંડ નક્કી કરવામાં આવ્યા છે? ધ્રુવીકરણ અંગે જુદા જુદા ધર્મની મતદાર યાદી તૈયાર કરવામાં આવી છે? તપાસની મુદત 10 દિવસની હોવા છતાં પોલીસ સમયમર્યાદાના ધારાધોરણ જાળવતી નથી. તબદિલીના કોઈ કેસમાં વાંધાઅરજી ન હોય તો પણ પોલીસ મહિનાઓ સુધી રિપોર્ટ આપતી નથી.

વકીલોએ પોલીસ કમિશનરને વિનંતી કરી છે કે અશાંતધારાની અરજીઓનો યોગ્ય સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવે. આ ઉપરાંત જે રીતે પોલીસ અન્ય જાહેર કાર્યક્રમો યોજી રહી છે તે જ રીતે અશાંતધારાની અરજીઓ અંગે પણ જાહેર કાર્યક્રમો યોજી તેનો વ્યવસ્થિત નિકાલ કરવામાં આવે, જેથી પોલીસ પરનું ભારણ પણ ઓછું થઈ શકે. જાહેર જનતાને હાલ જે હાલાકી ભોગવવી પડી રહી છે તેના યોગ્ય નિરાકરણ માટે યોગ્ય પગલાં ભરવા વકીલોએ માંગ કરી છે.

# સોશિયલ મીડિયા પર ભોળવાયેલી કિશોરી પર સાવરકુંડલામાં દુષ્કર્મ

**પોલીસે** બંને આરોપીઓ સામે બળાત્કાર અને જાતિય શોષણની ફરિયાદ નોંધાવી



સુરત : સરથાણા વિસ્તારમાં રહેતી એક કિશોરી સોશિયલ મીડિયા મારફત અમરેલીના યુવકના સંપર્કમાં આવી હતી. બાદમાં આરોપી દ્વારા કિશોરીને સુરતથી ભગાડી લઈ જવામાં આવી અને બળજબરીપૂર્વક શારીરિક શોષણ કરાયું. ઘટના અંગે કિશોરીએ પોતાના માતા-પિતાને માહિતી આપતાં પોલીસે બળાત્કાર સહિતના ગુનાઓમાં બંને યુવકો વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે અને આગળની કાર્યવાહી શરૂ કરી છે.

સરથાણા વિસ્તારમાં રહેતી માત્ર ૧૬ વર્ષની નિર્દોષ કિશોરી સોશિયલ મીડિયાનો શિકાર બનીને એક ગંભીર ગુનાનો ભોગ બની હતી. આ બનાવ યુવતીઓ અને કિશોરી માટે ચેતવણીરૂપ બને એવું છે. સોશિયલ મીડિયા પર કિશોરી અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના નાની વડાળ ગામના રહેવાસી રાહુલ સાધુના સંપર્કમાં આવી હતી. શરૂઆતમાં સરળ અને નિર્દોષ લાગતી આ વાતચીત થોડા સમયમાં લલચાવટ અને ભૂલભુલૈયામાં ફેરવાઈ ગઈ હતી. રાહુલે કિશોરી સાથે સંબંધ મજબૂત કરવાનું નાટક કરીને તેને સપનાઓ બતાવ્યા હતા.

આ પછી રાહુલે અંકિત નામના યુવકને સુરત મોકલ્યો અને કિશોરીને તેના ઘેરા જાળમાં ફસાવી ભગાડી લઈ ગયો હતો. ત્યાંથી શરૂ થયો કિશોરીના જીવનનો અત્યંત ત્રાસદાયક તબક્કો. જ્યારે રાહુલ સાધુએ કિશોરીની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યા હતા. ઘટનાથી તૂટી પડેલી અને પોતાના પર વિશ્વાસઘાત અનુભવી રહેલી કિશોરીએ આખરે હિંમત કરી અને સરથાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા IPC ની સંબંધિત કલમો હેઠળ રાહુલ સાધુ અને અંકિત સામે બળાત્કાર અને અપહરણના ગુના નોંધાયા છે. ઉલ્લેખનીય છે કે સોશિયલ મીડિયાના દુરુપયોગથી આવા બનાવો સતત વધી રહ્યા છે.

# સુરતની ગ્રાહક કોર્ટે ખોટી રીતે ક્લેઈમ નકારનાર HDFC ERGO વીમા કંપનીને સબક શીખવ્યો

સુરતઃ સુરતના રહેવાસી પ્રાગજીભાઈ પોપટભાઈ દેસાઈએ HDFC ERGO પાસેથી વીમા પોલિસી લીધી હતી. તેમની લેફ્ટ અલ્નાની સારવાર માટે હોસ્પિટલમાં ખર્ચ થયો હતો, જેનો ક્લેઈમ તેમણે વીમા કંપનીમાં રજૂ કર્યો હતો. જો કે, વીમા કંપનીએ ફરિયાદીની પુત્રીના નિવેદનના આધારે દાવો કર્યો કે, હોસ્પિટલનું બિલ ચૂકવવામાં આવ્યું નથી અને ક્લેઈમ નામંજૂર કર્યો હતો.

આ નિર્ણયનો વિરોધ કરતાં પ્રાગજીભાઈએ એડવોકેટ નરેશ નાવડિયા અને જીગ્નેશ હરિયાણી દ્વારા ગ્રાહક કમિશનમાં ફરિયાદ દાખલ કરી હતી. એડવોકેટ નાવડિયા અને હરિયાણીએ દલીલ કરી કે, ફરિયાદીએ હોસ્પિટલનું બિલ ચૂકવ્યું છે, જેના પુરાવા રજૂ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, ટ્રીટિંગ ડોક્ટરે પણ આ અંગેનું પ્રમાણપત્ર આપ્યું હતું. આ દલીલોને ધ્યાનમાં લઈ, ગ્રાહક કમિશને વીમા કંપનીના નિવેદનોને ગ્રાહ્ય ન રાખી ફરિયાદીની તરફેણમાં ચુકાદો આપ્યો છે.


**જાહેર નિવિદા નં- ૧૬ સને ૨૦૨૫-૨૬**
**માર્ગ અને ,મકાન વિભાગ,ગુજરાત રાજ્ય**

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઇજનેરશ્રી, વલસાડ (મા.×મ.) વિભાગ, સેવા સદન-૨, પેહેલો માળ, વલસાડ-૩૯૬૦૦૧, ફોન-ન-(૦૨૬૩૨)૨૪૪૧૨૮ દ્વારા ઈ-ટેન્ડરીંગથી વિભાગ દ્વારા વલસાડ /વાપી પેટા વિભાગ ના જુદા-જુદા કુલ ૧૦ કામો જેની અંદાજીત રકમ ૪.૭૮ લાખ થી ૪૦.૯૮ લાખ છે. માટે ઓનલાઇન ટેન્ડરો માંગવામાં આવે છે. જેના ટેન્ડરો વેબસાઈટ https://www.tender.nprocure.com ઉપરથી જોવા મળશે.

ઉપરોક્ત નિવિદામાં સમાવિષ્ઠ કામો તારીખ.૦૮-૦૮-૨૦૨૫ સમય ૧૮:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન સબમીશન કરી શકાશે. અને શક્ય હશે તો ટેન્ડર બીજા દિવસે ખોલવામાં આવશે. કોઈ પણ કારણો આપ્યા સિવાય નિવિદા રદ કરવાની સતા અત્રેના વિભાગની અબાદિત રહેશે.

નં. માહિતી/વલસાડ/૩૬૯/૨૦૨૫


**જાહેરનામું**
**ગુજરાત સરકાર**
**મહેસુલ, વિભાગ**
**સચિવાલય, ગાંધીનગર**
**(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦મો)**

જિલ્લોઃ સુરત તા. 30 MAY 2025
ક્રમાંકઃ અમ-મ-૨૦૨૫-૩૪૫-જસત-૧૨૨૦૨૪-૮૦૯-ઘ

આ સાથે સામેલ અનુસૂચિમાં દર્શાવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે, કન્સ્ટ્રકશન ઓફ આર.યુ.બી. વિથ એપ્રોચ ઇન લીયુ ઓફ એલ.સી. નં. ૫ એટ રેલ્વે કી.મી. ૪/૨-૩ બીટવીન ઉધના-ચલથાણ ઓફ ઉધના જલગાઉ સેક્શન ઓફ વેસ્ટર્ન રેલ્વે મુંબઈ ડીવીઝન ઓન નાનાવરાછા-કુંભારીયા-દેવધ-દખ્ખણવાડા-સણીયાકણદે રોડ(૧/૧૮ ટુ ૧૨/૪૦) ઇન ગુજરાત (જેનો આમાં હવે પછી જાહેર હેતુની યોજના એમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) માટે જરૂર પડવાનો સંભવ છે એવું ગુજરાત સરકારને જણાય છે.

૧. હવે જયારે, ગુજરાત સરકારના અસાધારણ રાજપત્રમાં પ્રસિધ્ધ થયેલ મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૪-૩૩૨-જસત-૧૨૨૦૨૪-૮૦૯-ઘ તા.૨૪/૦૭/૨૦૨૪ થી, ગુજરાત સરકારે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૧૦એ [(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર (ગુજરાત સુધારો) અધિનિયમ, ૨૦૧૬) (૨૦૧૬ ના ગુજરાત અધિનિયમ નં-૧૨ ની કલમ-૩ થી દાખલ કરેલ)] થી મળેલ અધિકારો અન્વયે, રાજય સરકારે, જાહેર હિતમાં "કન્સ્ટ્રકશન ઓફ આર.યુ.બી. વિથ એપ્રોચ ઇન લીયુ ઓફ એલ.સી. નં. ૫ એટ રેલ્વે કી.મી. ૪/૨-૩ બીટવીન ઉધના-ચલથાણ ઓફ ઉધના જલગાઉ સેક્શન ઓફ વેસ્ટર્ન રેલ્વે મુંબઈ ડીવીઝન ઓન નાનાવરાછા-કુંભારીયા-દેવધ-દખ્ખણવાડા-સણીયાકણદે રોડ(૧/૧૮ ટુ ૧૨/૪૦) ઇન ગુજરાત' માટે સંપાદન કરવાની નીચે જણાવેલ અનુસૂચિત ક્ષેત્રફળની જમીનને, "સદરહુ અધિનિયમ" ના પ્રકરણ-૨ અને ૩ ની જોગવાઇઓની અમલવારીમાંથી મુક્તિ આપેલ છે, અને

૨. હવે જ્યારે, રાજ્ય સરકારે, "સદરહું અધિનિયમ"ની કલમ-૪૩ની પેટા કલમ-(૧)થી મળેલ અધિકારોની રૂએ જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૪-૬૨૬-જસત-૧૨૨૦૨૪-૮૦૯-ઘ, તા.૧૫/૧૦/૨૦૨૪ થી ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, શાખા નં. ૪, સુરતને ઉલ્લેખિત આંતરમાળખાકીય પ્રોજેક્ટના બાંધકામ માટેની અનુસૂચિત વિસ્તારના જમીનના સંપાદનના સંબંધમાં પુનઃસ્થાપન અને પુનઃવસનના વહીવટદાર તરીકે નિમણૂક કરેલ છે, અને

3. હવે જયારે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૧૧ ની પેટા કલમ-(૧) થી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકારે જાહેરનામા ક્રમાંકઃ ક્રમાંકઃ અમ-મ-૨૦૨૪-૬૨૬-જસત-૧૨૨૦૨૪-૮૦૯-ઘ, તા.૧૫/૧૦/૨૦૨૪ થી ઉક્ત જમીનો, ઉપરોક્ત સાર્વજનિક હેતુ માટે જરૂરી છે, તેમ જાહેર કરેલ છે, અને

૪. હવે જ્યારે, "સદરહુ અધિનિયમ" ની કલમ- ૧૫ ની પેટા કલમ- ૨ નીચેના જિલ્લા કલેકટર, સુરતના અહેવાલને વિચારણામાં લીધા બાદ, રાજ્ય સરકારને એવો સંતોષ થયેલ છે કે, સદરહુ અનુસૂચિત જમીનો સદરહુ "જાહેર હેતુની યોજના" માટે જરૂરી છે, અને

૫. તેથી હવે, "સદરહુ અધિનિયમ" ની કલમ- ૧૯(૧) થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી જાહેર કરે છે કે, સદરહુ અનુસૂચિત જમીનો સદરહુ "જાહેર હેતુની યોજના" માટે જરૂરી છે.

૬. ગુજરાત સરકાર, "સદરહુ અધિનિયમ"ની કલમ- ૩(જ) થી મળેલ સત્તા અન્વયે, ઉક્ત જમીનોના સંબંધમાં, "સદરહુ અધિનિયમ" નીચે હવે પછી કલેકટર તરીકે કરવાના તમામ કાર્યો બજાવવા માટે ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, શાખા નં. ૪, સુરતની નિમણૂક કરે છે.

૭. સદરહુ અનુસૂચિત જમીનોના નકશા, ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, શાખા નં. ૪, બહુમાળી મકાન, નાનપુરા, સુરતની કચેરી ખાતે તપાસી શકશે.

**અનુસુચિ**

જિલ્લોઃ સુરત તાલુકોઃ ચોર્યાસી મોજે. દેલાડવા

| અ.નં. | સર્વે નંબર/બ્લોક નંબર | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
| --- | --- | --- |
| ૧ | પર | ૦૦-૦૦-૭૦ |
| | કુલ | ૦૦-૦૦-૭૦ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રેરક જે. પટેલ)
સરકારના નાયબ સચિવ

ક્રમાંક : માહિતી-સૂરત/૬૧૯/૨૦૨૫